ક્રિ.કેસ નં. ૧૦૨૨/૨૦૧૭

**<u>આંક–૧ નીચે હુકમ....</u>**

---

૧. રેકર્ડ અને પ્રોસીડીંગ જોતાં, હાલનો કેસ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ખાનગી ફરીયાદનો કેસ છે. સદર કેસ દાખલ થયા બાદ ફરીયાદી ના પુરાવા ઉપર લાંબા સમય થી રહેલ છે. કોર્ટમાં ત્યારબાદના કેસના દરેક તબ્બકે દર મુદતે ફરીયાદીએ હાજર રહીને કેસ ચલાવવા માટે ફરીયાદીએ દરમુદતે પ્રયત્નો કરવા જોઈએ તે જોતાં જો આજરોજ સદર કેસમાં ફરીયાદપક્ષ કોઈપણ અરજી આપે તો પણ તેમની ભુતકાળની બેદરકારી જોતા આજરોજ પણ અરજી મંજુર કરવા પાત્ર થતી નથી. કારણકે રેકર્ડ મુજબ ફરીયાદપક્ષ તરફે જયારે તે માટે જેટલો સમય માંગેલ તે આપવામાં આવેલ , તેમની ગેરહાજરીમા ન્યાયના હિતમાં મુદતો આપેલ છે. રેકર્ડ અને પ્રોસીડીંગ જોતાં પુરતી નહી પરંતુ, વધુ પડતી મુદતો આપવા છતાં ફરીયાદપક્ષ તરફે પુરાવો રજુ થયેલ નથી. વધુમાં, ફરીયાદપક્ષ હાજર ન હોવા છતાં ન્યાયના હીતમાં અત્રેની કોર્ટે ઘણી મુદતો આપેલ છે. ફરીયાદપક્ષ સદર કામે કેસ ચલાવવા માટે દરમુદતે કોઈ જ અરજી આપતો નથી તેમજ તેમના કેસની શુ પ્રગતી થઈ છે? તે દર મુદતે જોવામાં આવતુ નથી.

૨. આમ, આ કામે ફરીયાદપક્ષને આ અદાલત ધ્વારા અસંખ્ય મુદતો અપ્યા પછી પણ પુરાવો રજુ કરવા કાર્યવાહી કરવા માટે કોઈજ અરજીઓ લાંબા સમય થી આપેલ નથી. તેથી હવે વધુ તક આપવી ન્યાયી, યોગ્ય અને વ્યાજબી નથી.

૩. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસ ઘણા જ વર્ષો થી મોટી સંખ્યામાં કોર્ટમાં પેન્ડીંગ છે અને જેમાં ફરીયાદી તરફે કોઈ રસ લેવામાં આવતો નથી, જેની આ અદાલત નોંધ લીધેલ છે, આવા ફરીયાદી તરફેની નિષ્ક્રીયતા તથા બેદરકારીના કારણે તેમના પેન્ડીંગ પડેલા કેસો થી બીજા કેસોની કામગીરી પર અસર પડે, કોર્ટના કિંમતી સમયનો વ્યય થાય તેમ છે જો ફરયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયિક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતને ફરીયાદીની ફરીયાદ કાઢી નાખવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

વધુમાં, આ સંજોગોમાં ફરીયાદપક્ષને હાલના કેસ ચલાવવાની કામગીરીમાં રસ હોવાનું જણાતું નથી. આ કોર્ટ તેમજ અગાઉની કોર્ટ પણ અનેક તારીખો નાંખી ફરીયાદીને હાજર થવા માટે તકો આપેલ હોવા છતાં ફરીયાદી હાજર રહેતા નથી. આ કોર્ટમાં દરમુદતે કેસ નિયમીત રીતે બોર્ડ ઉપર ચઢે છે. ડીસ્ટ્રીકટ કોર્ટના વેબ પોર્ટલ પર પણ નિયમીતપણે કેસની મુદત અપડેટ થાય છે. નામ. સર્વોચ્ચ અદાલતે ડેડવુડ કેસના નિકલ સંદર્ભે ઝુબેશ શરૂ કરેલ હોઈ, **<u>નામ. ગુજરાત હાઈકોર્ટના ભવાની ટેકસટાઈલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ક્રિ.અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ના કામે તા.૧૮/૧/૨૦૧૦ તથા નામ. સર્વોચ્ચ અદાલત એસ.રામ ક્રિષ્ણા વિ રામી રેડડી ના ક્રિ. અપીલ નં ૭૫૫–૨૦૦૮ તા. ૨૯/૦૪/૨૦૦૮ ના ચુકાદા તથા નામ. ડી.એલ.એસ.એ.સાબરકાંઠાના પત્રને લક્ષમાં લેતા,</u>** અત્રેની અદાલતને આજરોજ સ્પેશીયલ સીટીંગમાં સદર કેસ મુકીને કેસનો ન્યાયોચીત નિકાલ કરવાની સતા પ્રાપ્ત થયેલ હોઈ ઉપરોકત ચર્ચા કરેલ કારણો અને સંજોગો જોતાં સ્પીડી ટ્રાયલનો સિધ્ધાંત જોતા તથા ફરીયાદીપક્ષની સતત ગેરહાજરી ઉદાસીનતા, નિષ્કાળજી, બેદરકારી ગફલત તથા કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ જોતાં તેમજ અન્ય દસ્તાવેજો જોતાં હાલની ફરીયાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૬ મુજબ કાઢી નાખવાનો હુકમ કરવો ન્યાયના હિતમાં જરૂરી જણાય છે અને તેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

ફરીયાદીની હાલની ફરીયાદ ક્રિ.પ્રો.કોડ–૧૯૭૩ની ક. ૨૫૬ મુજબ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે, તેમજ આરોપીને સદર ગુનાના કામે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૩
મું.ઈડર
(લોકઅદાલત– સ્પેશીયલ સીટીંગ)

**(અર્ચિતકુમાર નીલમભાઈ વોરા)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ઈડર
તા.ઈડર,જી.સાબરકાંઠા
જજ કોડ નંબર જી જે ૦૮૪૯